ગાંધીનગર સમાચાર
તા. ૮-૫-૨૦૧૩, બુધવાર

તંત્રી સ્થાનેથી.....

નૈતિકતાના મુદ્દે કેન્દ્ર સરકારે શાસનનો અધિકાર ગુમાવી દીધો છે

'લોકસભાના સત્રને અમે ચાલવા દઈશું નહીં'- એવું આખરીનામું વિરોધ પક્ષનાં નેતા સુષમા સ્વરાજને નાછૂટકે આપવું પડ્યું છે. ભાજપના પ્રમુખ રાજનાથસિંહે પણ કેન્દ્રની યુપીએ સરકારના બે મંત્રીઓને તત્કાળ છૂટા કરવાની માગણી કરી છે. ઈમાનદાર વડાપ્રધાન ગણાતા મનમોહનસિંહની પવિત્રતા સામે પ્રશ્નો ઊભા થયા એથી વિપક્ષને પણ ભારે હૈયે એમનું રાજીનામું માગવું પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. પરંતુ ભાજપ સંસદીય પક્ષની બેઠક પછી ગોપીનાથ મુંડેએ કહ્યું છે કે કાયદામંત્રી અને રેલવેમંત્રી રાજીનામું આપી દેતા હોય તો અમે વડાપ્રધાનનું રાજીનામું નહીં માગીએ. સંસદ પણ ચાલવા દઈશું અને બિલો પણ 'પાસ' દઈશું. કોલસા કૌભાંડનો રેલો છેક ૭-રેસકોર્સ રોડ સુધી પહોંચે છે કારણ કે એ સમયગાળામાં 'કોલ એન્ડ માઈન્સ' ખાતું સીધું જ વડાપ્રધાન હસ્તક હતું. સીબીઆઈનો રિપોર્ટ સીધો જ સર્વોચ્ચ અદાલત સમક્ષ પ્રસ્તુત કરવાની સ્પષ્ટ સૂચના અવગણી એને કાયદામંત્રી, એટર્નીજનરલ અને વડાપ્રધાનના કાર્યાલયના અધિકારીઓને બતાવવામાં આવ્યો-એનો ખુલાસો સોગંધનામા પર કર્યા પછી સીબીઆઈના ડાયરેકટર રણજિત સિંહાએ સર્વોચ્ચ અદાલતની બિનશરતી માફી પણ માગી છે. સરકારના નિયંત્રણ હેઠળ હોઈ પોતે કાયદામંત્રી કે એટર્નીજનરલ જેવા ઉચ્ચ પદાધિકારીઓના આગ્રહ સમક્ષ ઝૂક્યા વગર છૂટકો નહોતો. કોગ્રેંસ ઉઘાડી પડી ગઈ છે. નૈતિકતાના મુદ્દા પર તો ખુદ વડાપ્રધાનને કોલસા કૌભાંડની તપાસના અહેવાલમાં એમના મંત્રાલય દ્વારા થયેલ હસ્તક્ષેપ પછી નીચાજોણું થયું જ છે. સીબીઆઈ જાણે સરકારની ઢાલ હોય એમ એના અધિકારીઓએ તૈયાર કરેલ ડ્રાફટ રિપોર્ટમાં સરકારે સીધો જ પોતાની અનુકૂળતા મુજબનો ફેરફાર કરી કલીનચીટ મેળવી લેવાનો કારસો રચ્યો હતો. સર્વોચ્ચ અદાલત સમક્ષ આ મુદ્દે જૂઠાં નિવેદનો પણ અપાયાં પરંતુ સત્ય કયારેય ઢાંકયું ઢંકાતું નથી. આખરે ભંડો ફૂટી જ ગયો. સરકારની ફજેતી સર્વોચ્ચ અદાલતની વ્યાયપીઠ સમક્ષ થયા પછી પણ સરકાર લાફા મારીને ગાલ રાતા રાખવા પ્રયાસ કરી રહી છે તે આપણી લોકશાહીની કમનસીબી છે. સીબીઆઈના વડાએ સર્વોચ્ચ અદાલતના આદેશ મુજબ રજૂ કરેલા નવ પાનાંના સોગંધનામામાં સ્પષ્ટ કબૂલાત કરી છે કે અહેવાલમાં કાયદાપ્રધાન, વડાપ્રધાન કાર્યાલય અને કોલસા મંત્રાલયના સંયુકત સચિવો, એટર્નીજનરલ વહાણવટી તથા એડિશનલ સોલિસિટર જનરલ હરેન રાવલે કેટલાક ફેરફારો કરાવ્યા હતા. વડાપ્રધાન કાર્યાલયના અધિકારીઓ અને કોલસા મંત્રાલયના અધિકારી ભલ્લા સીબીઆઈ સાથે સતત સંપર્કમાં હતા અને સૌથી વધુ ફેરફારો હરેન રાવલ તથા એમને મદદ કરી રહેલ વકીલો તથા કાયદામંત્રી અશ્વિની કુમારની સલાહથી કરાયા હતા. ટૂંકમાં, આખી વાત ભીંત પરના અક્ષરો જેટલી સ્પષ્ટ બની જાય છે. કાનૂનમંત્રી એને કેવળ વ્યાકરણ કે ભાષાની દૃષ્ટિએ નહીં પણ સરકારને સકંજામાં આવતી બચાવવા માટેનો પુરૂષાર્થ કરી રહ્યા હતા તે સ્પષ્ટ થઈ ચૂક્યું છે. પોતાને સરકારી નોકર ગણાવતા સીબીઆઈના વડા ભલે પાછળથી ગળચિયાં ગળતા ફરે અને સ્ટેટસ રિપોર્ટમાં પોતે ઉપરોકત પદાધિકારીઓના આગ્રહ મુજબ કરેલા ફેરફારોથી કોઈ પણ શંકાસ્પદ વ્યકિત કે આરોપીનું નામ કાઢી નંખાયેલ નથી અને આવા ફેરફારથી તપાસ પ્રકિયા પ્રભાવિત થયેલ નથી, પરંતુ હકીકત એ છે કે સરકારની ખોરી દાનત સુપ્રીમ કોર્ટ સમક્ષ ખુલ્લી પડી ગઈ છે. એના યેનકેન પ્રકારેણ આ કાજળ કોટડીમાંથી હેમખેમ બહાર નીકળી જવા માટેનાં હવાતિયાંનો ચોપડો ખુલ્લો પડી જવાથી એ હવે મોઢા પર લાગેલી કોલસાની કાળી ટીલી છુપાવી શકે એમ નથી. સર્વોચ્ચ અદાલત માટે પણ આ પરિસ્થિતિ ભારે ક્ષોભજનક ગણાય. એટલું તો સ્પષ્ટ થઈ જ ગયું કે એના સ્પષ્ટ આદેશ છતાં સરકારે સીબીઆઈને એનો સ્ટેટસ રિપોર્ટ અદાલતમાં રજૂ કરતાં પહેલાં પોતાને બતાવવા મજબૂર કરી છે અને રિપોર્ટમાં અનુકૂળ ફેરફારો કરાવવાનું પણ એ ચૂકી નથી. આ સર્વોચ્ચ અદાલતની અવમાનના નથી તો બીજું શું છે? ખરેખર તો સર્વોચ્ચ અદાલતે જ એનું કઠોર નિરીક્ષણ રજૂ કરીને વડાપ્રધાનને એમનો હોદ્દો છોડી નવી ચૂંટણીઓ જાહેર કરવા કહી દેવું જોઈએ.

ઈન્ફોસીટી સ્કૂલ દ્વારા સ્વ. હિતેનભાઈ બારોટને શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના અગ્રણી સાહસિક, ઉદ્યોગપતિ, શિક્ષણપ્રેમી અને 'ઈન્ફોસીટી'નાં સર્જક આદરણીય હિતેશભાઈ બારોટના અવસાનથી ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ તથા ઈન્ફોસીટી સ્કૂલ, સરગાસણની બંને શાળાઓનો પરિવાર ઘેરા આઘાતની લાગણી અનુભવે છે. સ્વ. હિતેનભાઈની સ્મશાન યાત્રામાં જોડાઈ સંસ્થાના સંચાલકો સર્વશ્રી વી.વી. વૈષ્ણવ, ડૉ. પ્રદીપ ગગલાણી, એમ.કે. દલસાણિયા, શૈલેષ પંડ્યા, સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓને સદ્‌ગતના માનમાં સમગ્ર દિવસ દરમિયાન રજા રાખી શિક્ષણ કાર્ય બંધ રાખ્યું હતું. સદ્‌ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી બે મિનિટ મૌન પાળી સંચારકશ્રીઓ, સ્ટાફ મિત્રો, વિદ્યાર્થીઓને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ આપી હતી.

નિસર્ગ સાયન્સ સેન્ટર ૧૫મીથી સાયન્સ ટેલેન્ટ વર્કશોપ યોજશે

વેકેશનમાં બાળકોને પ્લેન, રોકેટ, મેજીક, ભૌમિતિક આકારો જેવી અનેક બાબતો તજજ્ઞો શીખવશે

ગાંધીનગર, તા.૭

વેકેશનમાં બાળકો વિજ્ઞાન વિશે વધુ જાણે તથા ટી.વી. વિડીયો ગેમ, ફિલ્મો વગેરેમાં સમય ન વેડફી રોકેટ, એરોપ્લેન, જાદુ, ભૌમિતિક આકારો, સાયન્સના વિવિધ બેઝિક મોડેલો વિશે જાણકારી મેળવતા થાય તે માટે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સાયન્સ ટેલેન્ટ વર્કશોપ તા. ૧૫મી મે ૨૦૧૩ થી ૨૧મી મે ૨૦૧૩ સુધી સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ દરમિયાન નિસર્ગ સાયન્સ સેન્ટર બ્લોક નં. ૬૧/૧, ઘ-ટાઈપ સેકટર-૨૩ ગાંધીનગર ખાતે યોજાશે.

મોડેલ રોકેટરી વર્કશોપમાં વિદ્યાર્થીને રોકેટ અંગેની જરુરી વિગતો અને જાણકારી અપાય છે. બાળકોમાં રોકેટ વિશે નવું નવું જાણવાની તથા સમજવાની ભારે ઉત્કંઠા હોય છે. સાયન્સ સેન્ટર દ્વારા બાળકોને કાર્ડ પેપર, ચાર્ટ પેપરનો ઉપયોગ કરી સીંગલ સ્ટેજ રોકેટ, ડબલ સ્ટેજ રોકેટ, પેરાશુટ રોકેટ બનાવતા શીખવવામાં આવે છે. રોકેટ કેટલી ઊંચાઈએ ગયું તેની ગણતરી પણ શીખવવામાં આવશે રોકેટ વિજ્ઞાનના કયા સિધ્ધાંતો પર કાર્ય કરે છે તેની પણ વિસ્તૃત સમજ આપવામાં આવશે. રિમોટ કંન્ટ્રોલથી રોકેટને કઈ રીતે ઉડાડી શકાય તેની પણ વિસ્તૃત સમજ આપવામાં આવશે.

એરોમોડેલીંગ વર્કશોપમાં વિદ્યાર્થીઓને વાયુદળના વિવિધ પ્લેનની સમજૂતી અપાય છે. આ વર્કશોપમાં ભારતીય વાયુદળનાં વિવિધ ફાઈટર પ્લેન જેવા કે વસંત,

● અનુસંધાન પાના-૭ પર

હું આજે ગુલ્લી મારવાનો છું... લે આ ..... કાર્ડ મને કેમેરા સામે મુકવા માટું 'કલોન'... કોઈ ટેકનોલોજી આપણને રોકી ન શકે... શું સમજ્યો !..!!

ગુજરાત હસ્તકની સ્પોર્ટસ હોસ્ટેલમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત ખેલાડીઓને નિઃશુલ્ક પ્રવેશ અપાશે

પ્રવેશવાંચ્છુ ખેલાડીઓએ ૧૮મી સુધી ફોર્મ ભરી જવા

ગાંધીનગર, તા.૭

ગુજરાત સકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના નિયંત્રણ હેઠળની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત હસ્તકની સ્પોર્ટસ હોસ્ટેલમાં ૧૭ વર્ષથી નીચેની વય જૂથના વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલા ખેલાડીઓને નિઃશુલ્ક પ્રવેશ અપાશે તથા તાલીમ, ભોજન, ગણવેશ, વિમાની સુવિધા અને સાધનો વિના મુલ્યે અર્પણ કરાશે. હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ખેલાડીઓએ ૧૮મી સુધી અરજી કરવી.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત હસ્તકની નડિયાદ, ભાવનગર, પોરબંદર, લીંબડી અને દેવગઢબારિયા ખાતેની સ્પોર્ટસ હોસ્ટેલમાં ખેલાડીઓને પ્રવેશ અપાશે. રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધામાં છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન ભાગ લીધો હોય અને વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેવા શાળામાં અભ્યાસ કરતા ૧૭ વર્ષથી નીચેના ખેલાડીઓની કસોટીઓને લઈને પ્રવેશ આપવામાં આવશે. સ્પોર્ટસ હોસ્ટેલમાં પ્રવેશ મેળવા ઈચ્છતા ખેલાડીઓએ નિયત અરજીપત્રકમાં પ્રશિક્ષણ કેન્દ્ર ખાતેથી ફોર્મ મેળવી રમતને અનુરૂપ કચેરીને અરજી તા. ૧૮મી મે ૨૦૧૩ સુધીમાં મોકલી આપવાની રહેશે. કુસ્તુ (ભાઈઓ) એથ્લેટીકસ (ભાઈઓ-બહેનો) અને કબડ્ડી (ભાઈઓ) માટે સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જિ. ખેડા, મરીડા ભાગોળ, ભૈરવનાથ મંદિરની સામે નડિયાદ, જિ. ખેડા ફોન નં. ૦૨૬૮-૨૫૬૧૭૯૨ અથવા બાસ્કેટબોલ (ભાઈઓ), હેડ બોલ (ભાઈઓ)ની રમત માટે સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, બહુમાળી બિલ્ડીંગ, બ્લોક નં. એસ.૧૮/૧, ભાવનગર ફોન નં. ૦૨૭૮-૨૫૧૨૯૬૬ અથવા ક્રિકેટ (ભાઈઓ) માટે સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, દુલિપ સ્કુલ ઓફ ક્રિકેટ સ્ટેશન રોડ, પોરબંદર ફોન નં. ૦૨૮૬-૨૨૪૭૩૯૯ અથવા ખોખો (ભાઈઓ) વોલીબોલ (ભાઈઓ)ની રમત માટે સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સ્પોર્ટસ હોસ્ટેલ કમ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, સૌરાષ્ટ્ર કો.ઓ. સ્પીનીંગ મીલ સામે, લીંબડી, જિ. સુરેન્દ્રનગર ફોન નં. ૦૨૭૫૩-૨૬૦૭૩૪ અથવા એથ્લેટીકસ અને આર્ચરી (ભાઈઓ-બહેનો)ની રમત માટે ખેલાડીએ સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, શ્રી જયદીપસિંહજી રમત સંકુલ, દેવગઢબારિયા જિ. દાહોદ ફોન નં. ૦૨૬૭૮-૨૨૦૨૦૯નો સંપર્ક કરવો. વોલીબોલ ભાઈઓ અને આર્ચરી રમતના ભાઈઓ-બહેનોએ રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હોય કે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેમના માટે ગુજરાત સરકાર દ્વારા નિવાસી એકસલન્સ યોજના અમલમાં મુકવામાં આવી છે. જેમાં ખેલાડીઓને તાલીમ, ભોજન, સ્ટાઈપેન્ડ, ગણવેશ, વિમાની સુવિધા, સાધનોવિના મુલ્યેપુરા પાડવામાં આવશે. આ અંગેની વધુ માહિતી **www.sucd.gujarat.gov.in** પરથી મળી શકશે.

ગાંધીનગરની શાળાઓના પરિણામ

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ)

ધોરણ-૧

૧	સિંધા કિંજલ	૯૪
૨	સોલંકી કુંપલ	૯૩.૩
૩	પ્રજાપતિ ધ્રુવ	૯૩

ધોરણ-૮-અ

ક્રમ	નામ	ગ્રેડ
૧	પંડ્યા ચક્ષુ	એ-૧
૨	વાઘેલા માનસી	એ-૨
૩	પરમાર ધારિણી	એ-૨

ધોરણ-૮-બ

૧	પ્રજાપતિ પ્રિયંકા	એ-૧
૨	પ્રજાપતિ ક્રિષ્ના	એ-૨
૩	પ્રજાપતિ પૂજા	એ-૨

ધોરણ-૮-ક

૧	બિહોલા શ્રદ્ધા	એ-૧
૨	ચૌધરી પ્રિયાંશી	એ-૨
૩	ઠાકોર તોરલ	એ-૨

ધોરણ-૮-ડ

૧	ચૌધરી અનિતા	એ-૨
૨	ચૌધરી વર્ષા	એ-૨
૩	વાઘેલા વર્ષા	બી-૧

ધોરણ-૧૧-અ

૧	પંડ્યા રશ્મિ	૭૮.૬૬
૨	મકવાણા રિદ્ધિ	૭૫.૮૮
૩	ભાખરિયા તિસ્તા	૭૦.૨૨

ધોરણ-૧૧-બ

૧	પઢિયાર નિશા	૭૩.૮૮
૨	દરજી ભૂમિ	૭૧.૩૩
૩	સોલંકી ભૂમિકા	૬૮.૭૭

શ્રી સ્વામીયોગાનંદ વિદ્યાલય, જી.ઈ.બી. કોલોની, ગાંધીનગર

જુનિયર કે.જી.

ક્રમ	નામ	ટકા
૧	નાયી સ્મિત	૮૯.૪
૨	શ્રીમાળી હિનલ	૮૬.૭
૩	મિસ્ત્રી પ્રિશા	૮૦.૧
૩	પ્રજાપતિ તન્વી	૮૦.૧

સિનિયર કે.જી.

૧	સિંધા સહદેવ	૯૭.૮
૨	ગોહિલ વિદ્યાબા	૯૩.૯
૩	વોરા સહવાન	૯૨.૩

ધોરણ-૨

૧	ચાંદેકર પ્રણવ	૯૬.૬
૨	સોલંકી પ્રિયંકા	૯૬.૬
૩	ગાંદર્વ કશિશ	૯૪

ધોરણ-૩

૧	પરમાર વિધી	૮૬.૨
૨	ગોહિલ ભુમેશ્વરી	૮૩.૧
૩	સિંધા વિજય	૮૩

ધોરણ-૪

૧	ડામોર આયુષ	૯૩.૩
૨	જોષી હની	૯૨.૮
૩	પટેલ મહેશ્વરી	૯૨.૭

ધોરણ-૫

૧	પ્રજાપતિ જાનવી	૯૨.૭
૨	પ્રસાદ આશિકા	૯૩.૩
૩	જોષી હિમાની	૮૯.૦

ધોરણ-૬

૧	પટેલ સતિષ	૯૦.૫
૨	ગોસ્વામી હસ્તી	૮૩.૩૮
૩	ભાભોર મિતેષ	૮૨.૭

ધોરણ-૭

૧	પટેલ મૈત્રી	૯૨.૬
૨	પરમાર પાર્થ	૯૧.૧
૩	પારેખ ભૂમિ	૯૦.૬

ધોરણ-૮

૧	શુકલ લક્ષ્મીશંકર	૯૩
૨	ગાંધર્વ આદર્શ	૯૨.૪
૩	નિનામા સૌરભ	૯૦.૨

ધોરણ-૯-અ

૧	મિસ્ત્રી જિગીશ	૮૨.૯
૨	ગજ્જર અક્ષય	૮૨.૬
૩	ડામોર અજય	૭૬.૩

ધોરણ-૯-બ

૧	પાઠક દિપિકા	૭૭.૬
૨	સેનમા ડિમ્પલ	૭૪.૨
૩	દરજી શ્વેતા	૭૧.૧

પુસ્તક મેળાને સાહિત્યિક રસિકોનો ભવ્ય પ્રતિસાદ

અમદાવાદ, તા. ૭

વિવિધ સાહિત્યની સમૃદ્ધ માહિતી, જ્ઞાન, વિજ્ઞાન, સાહિત્યના મર્મજ્ઞોના તમામ ક્ષેત્રને આવરી લેતા પુસ્તકોનાં ભંડારથી સમૃદ્ધ પુસ્તક મેળાને દિન પ્રતિદિન વાચકો તરફથી ભવ્ય પ્રતિસાદ મળી રહ્યો છે. ગઈકાલે બાળકો, વિદ્યાર્થીઓ, યુવાનો સહિત સૌ કોઈ અમદાવાદ ખાતે યોજાયેલ બુકફેરમાં ઉમટી પડ્યા હતા. શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ ગઈ કાલે પુસ્તક મેળાની મુલાકાત લઈ વિવિધ બુક સ્ટોલમાં રહેલા પુસ્તકોનું નિરીક્ષણ કરી કેટલાક પુસ્તકોની ખરીદી પણ કરી હતી. ચુડાસમાએ માહિતી ખાતા દ્વારા પ્રકાશિત વિવિધ પુસ્તકોથી સજજ માહિતી ખાતાના બુક સ્ટોલની સૌ પ્રથમ મુલાકાત લઈને વિવિધ બુકસ્ટોલ નિહાળ્યા હતા.

ચુડાસમાએ પુસ્તક મેળાને સફળ લેખાવતાં જણાવ્યું હતું કે, 'વાંચે ગુજરાત' જેવા રાજય સરકારના સાહિત્યલક્ષી અભિયાનને પણ આ પ્રકારના પુસ્તક મેળાઓના આયોજનથી બળ મળ્યું છે. સાથોસાથ સાહિત્ય અને વાંચન માટેની વાચકોની રૂચિને પણ બળ મળ્યું છે. આવા પુસ્તક મેળાના સફળ આયોજન બદલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અભિનંદનને પાત્ર છે. તેમણે જણાવ્યું હતું કે આ પ્રકારના મૂલ્યાવન પુસ્તકોથી વાંચકો રૂચિ પણ કેળવાશે. પુસ્તકોના સ્ટોલ બાદ આ સ્થળે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ હાજરી આપી હતી.

'પ્રકૃતિ દરબાર' પર્યાવરણની જંગમ પાઠશાળા

ચિંતન સભા

- પ્રા. ડો. રાકેશ પટેલ

પ્રખ્યાત ફિલસૂફ જયોર્જ સાંતાયન વર્ગમાં ભણાવી રહ્યા હતા, એકાએક એમને કાને કોયલનો ટહુકો સંભળાયો. એકાદ ક્ષણ થંભી જઇને વિદ્યાર્થીઓને કહ્યું : 'સજ્જનો મને માફ કરજો, મારે વસંત સાથે મિલન - તિથિ છે.' આટલું કહીને સાંતાયાન ચાલી નીકળ્યા તે ફરી કદી નોકરી પર પાછા ફર્યા જ નહીં. કેવો પ્રકૃતિ સાથેનો રોમાંસ! પ્રકૃતિને પુસ્તકોનાં પાનાઓમાં શોધવાની ભૂલ વર્ષોથી સમાજમાં કહેવાતા જ્ઞાની લોકો કરતાં રહેલા છે.

એડગર ડી. માઇકલ ૧૯૭૧માં એપોલો-૧૪ ચંદ્રયાજ્ઞાના મિશનના સભ્ય તરીકે ચંદ્ર પર ચાલવાનો લ્હાવો લઇને પૃથ્વી પર પાછા ફર્યા. એમને પોતાની અનુભૂતિનું વર્ણન કર્યું : 'પહેલી વાત તો મને એ સમજાણી કે પૃથ્વી કેટલી બધી સુંદર છે. સારામાં સારા ફોટોગ્રાફ્સ પણ એનાં સૌંદર્યને ન્યાય ન આપી શકે. એ દૃશ્ય અપૂર્વ હતું, ભવ્ય હતું શ્વેત અને ભૂરૂં રત્ન જાણે શ્યામસુંદર રેશમી વસ્ત્રના બેકગ્રાઉન્ડમાં શોભી રહ્યું છે. દિવ્યતાનો અનુભવ થયો. પાણી, વાદળો અને જમીનનો એક ગોળો માંડ મારા અગૂંઠા જેવડો હતો, પણ તે મારૂં ઘર હતુ. હું જયારે એને ૨,૪૦,૦૦૦ માઇલ દૂરથી જોઇ રહ્યો હતો તે જ વખતે પૃથ્વીના લોકો યુદ્ધ કરી રહ્યાં હતા, ખૂન કરી રહ્યા હતા, એકબીજાને છેતરી રહ્યા હતા અને સત્તા માટે પડાપડી કરી રહ્યા હતા. પ્રકૃતિનાં ભંડારે વેડફી રહ્યા હતા, લોભમાં ડૂબી રહ્યા હતા, અને પૂર્વગ્રહો, અસહિષ્ણુતા અને છેતરપીંડી દ્વારા સામા માણસને પીડા પહોંચાડી રહ્યાં હતા.' આવી વ્હાલી પૃથ્વીની ચાહવાના અનેક કારણો છે. શિક્ષણપ્રધાને પણ એ જ લૂણો લાગ્યો છે. બાળકની આગળ પાછળ પુસ્તકો ખડકી દેવાથી જો તે જ્ઞાની અને ચિંતક બની જતો હોય તો સમાજમાં કોઇ સમસ્યાનો ઉદ્‌ભવવી જ ન જોઇએ. કારણ કે આપણે વર્ષોથી ઉત્તમોત્તમ પરિણામો મેળવી રહ્યાં છીએ!

પરંતુ સર્વથા નિરાશ થવાથી જરૂર નથી. હમણાં જ તા.૨૭ થી ૨૯ એપ્રિલ ૨૦૧૩ દરમિયાન દક્ષિણાપૂર્તિ, મણાર (ભાવનગર)માં એક ભાવક તરીકે જવાનો લાભ પ્રાપ્ત થયો. કાર્યક્રમનાં યોજક, સ્વપ્નદ્રષ્ટા, ગુજરાતનાં કમીરવંતા પર્યાવરણપ્રેમી અને વિવિધપ્રવૃત્તિઓ દ્વારા પર્યાવરણની વિવિધ પ્રવૃત્તિ કરતા બધા તેમણે જાણે છે. તક્ષશિલા વિશ્વવિદ્યાલયની યાદ કરાવતો આ કાર્યક્રમ પર્યાવરણ રક્ષણ ટ્રસ્ટ, અમરેલી દ્વારા પ્રતિ વર્ષ પ્રકૃતિની ગોદમાં આયોજીત થાય છે. જેમાં વિદ્યાર્થી અને વડીલ, પ્રકૃતિપ્રેમી અને વન્સપતિ ઉપાસક, જ્ઞાની - તપસ્વી અને જીજ્ઞાસુ સર્વે એક મંડપમાં બિરાજે છે, 'પ્રકૃતિ દરબાર' નામે ઓળખાયો આ કાર્યક્રમ ત્રિદિવસીય હોય છે, જેમાં પ્રકૃતિથી માંડીને સંસ્કૃતિની રસાળ વાતો આડંબર વિના થતી રહે છે. કાર્યક્રમમાં સહૃદય જોડાવું એ જ કાર્યક્રમનું પ્રવેશ શુલ્ક.

'શા માટે પ્રકૃતિ માતૃસ્વરૂપા છે અને તેની સેવા કરવી જોઇએ?' તેના કારણો બધા જાણે છે અને તેની 'સેવા કરવી જોઇએ' તે પણ બધા અનુભવે છે. છતાં કામ કરવાનો માર્ગ ન શોધી શકતા લોકો માટે જીતુભાઇ દૃષ્ટાંતરૂપ અને અનુકરણીય કામ કરી રહેલ છે. જીતુભાઇ જે કામ કરી રહ્યા છે તેની પદ્ધતિ અનન્ય છે કોઇ પણ જાતના રીલાચાલુ બાહ્યાચાર વિના રાતદિવસ પેલી 'કુદરતી આપત્તિ' સમયની ઝડપે અને કુનેહથી કામ કરી રહ્યા છે. તેમની પાસે મુડી સ્વરૂપે છે પર્યાવરણ પ્રત્યેની સમર્પિતતા. તેમની સાથે જોડાવાની એક માત્ર શરત પ્રકૃતિનું કોઇ પણ કામ કરવાની નિરાકાંક્ષ ભાવના. જીતુભાઇ ચિંતાના કે ચિંતનના નહીં ચેતનાના માણસ છે. તેમને મળવા માટે બધા તત્પર હોય છે, તેનું કારણ છે તેમનો અવિરત કર્મયોગ. ચકલીના માળાનું વિતરણ હોય કે દેશી ઉપચારોના પ્રયોગની વાત, તેઓ સદા તત્પર બની પ્રકૃતિયજ્ઞ કરી રહ્યા છે. તેમનાથી આકર્ષાવું સર્વથા શક્ય છે, કારણ કે તેઓ પર્યાવરણ પ્રેમથી ખેંચાયેલા છે.

પ્રકૃતિ એટલે આપણો જ ચેતોવિસ્તાર અને જીવનકલશોર.

ત્રણ દિવસનો પ્રકૃતિ દરબાર મનુભાઇ પંચોલી દ્વારા સર્જીત દક્ષિણામૂર્તિ સંસ્થાના વિશાળ પ્રકૃત્યાલયમાં યોજાયો. જયાં જોવા મળે નારીયેળીમાં જળયુક્ત વૃક્ષો, ઝૂલતી આમ્રરસભરી આંબાની પંક્તિઓ અને અનેક પ્રાકૃતિક શોભા ધરાવતાં વૃક્ષોની દુનિયા. આપણા કહેવાતા કરોડો રૂપિયાનાં અને છાપાની જાહેરાતોમાં સમાઇ જતાં 'એપાર્ટમેન્ટ'ની ક્ષુલ્લકતા અહીં દૃશ્યમાન બને. જમવાનું પણ જાણે વૃક્ષો પીરસતા હોય એવું લાગે. તમારી અંદરનો આદિમાનવ થોડી જ વારમાં કુદકો મારી તમારી ઉપર સવારી કર્યા વગર રહે નહીં. સાથે સાથે દક્ષિણામૂર્તિ સંસ્થાનો પ્રકૃતિમય, નિરામય અને સેવામય શિક્ષક અને કર્મચારી ગણ. આ સંસ્થામાં પ્રકૃતિનું શિક્ષણ આપવાની જરૂર નથી પડતી કારણ કે પ્રકૃતિ જાતે જ અહીં શિક્ષણ આપે છે.

દિવસભરમાં કાર્યક્રમમાં વનસ્પતિના જાણકારો અને પરંપરાગત રીતે વૈદ્યનું કામ કરતાં અનેક નિઃસ્વાર્થ પ્રકૃતિ પ્રેમીઓ અનેક પ્રયોગો અને અનુભવોને વર્ણવતા રહે. જેની જેટલી શક્તિ હોય તેટલું તેમાંથી પ્રાપ્ત કરી શકે. આજના 'વૈભવી' (કેંસર, કોલેસ્ટ્રોલ, ડાયાબિટીઝ જેવા) રોગોને બિલકુલ સરળ અને હાથવગી પદ્ધતિઓ કેવી રીતે નાબૂદ કરી શકાય તેના ઉપાયો વહેતા મુકવામાં આવે. (કમાઉ ડોકટરો કેવી રીતે રોગોને પોતાના કાબુમાં લઇ અજ્ઞાની લોકોને છેતરે છે તેનો ખ્યાલ આવે.) કેટલાક વૃક્ષ ઉપાસકો ઘટતા જતા પર્યાવરણના મહત્ત્વને ફરી વધારવા માટે પોતાના કાર્યની વિગતો રજૂ કરે. આસપાસનાં જોવા મળતી કિંમતી વનસ્પતિનાં જીવન ઉપયોગી વૈદ્યકીય પ્રયોગો પણ અહીં પરંપરાગત ઉપાસકો સપ્રેમ રજૂ કરે. એક વડીલ લુપ્ત થતી વનસ્પતિનાં બીજનો સંગ્રહ અને વિતરણનું અનોખું કામ કરતા રહ્યા છે.

અરે! ચકલીનો માળો ઘર આંગણે લટકાવ્યાં પછીનો હરખ પણ અહીં તાળીઓનાં ગડગડાટથી વધાવવામાં આવે. વૃક્ષ-વનસ્પતિ અને પક્ષીઓને ઓળખવા માટે માહિતીસભર પ્રદર્શન દરેકને પોતાની તરફ આકર્ષતુ રહે છે. ભોજન કરતાં પણ જેના થકી ભોજનમાં રસકમ ઉમેરાય છે તેની વાતો આ 'પ્રકૃતિ દરબાર'માં સ્વાદિષ્ટ રીતે પીરસવામાં આવે છે. કોઇ બોધ વગર સહજ ભાવે અનુભવ અને પરંપરામાંથી રસાતેલ વાતો એ જ કાર્યક્રમની ફલશ્રુતિ બની રહે છે.

કેટલુંય અભ્યાસુ રાજકીય નેતૃત્વ પણ પોતાનો સમય અને આવડતને સભર બનાવવા પ્રકૃતિ દરબારની મુલાકાત લેતું રહે છે. શ્રી પુરૂષોત્તમ રૂપાલા અને રાજેન્દ્રસિંહ રાણા દરબારી તરીકે પધારી 'પર્યાવરણ અને વિકાસ' ના મુદ્દાને બરાબર રીતે પ્રસ્તુત કર્યો. કારણ કે સૌએ રહેવાનું તો છે આ જ દુનિયામા ને. જેમ સત્તા આગળ શાંણપણ નકામું તેમ 'પરમ પર્યાવરણ' ની સત્તા આગળ બધા લોકોનું શાણપણ પણ ક્યાં કામ કરવાનું? અહીં આપણને જોવા મળે આખાયે રાજયનું સ્વયંભૂ ઉપસ્થિત રહેતું પ્રતિનિધિ મંડળ. જે પોતાના વિસ્તારમાં અનેક રીતે અનેક પર્યાવરણ જાગૃતિ અભિયાન, જળ સંચયની પ્રવૃત્તિ, દેશી અને આયુર્વેદિક ઉપચારો વગેરે જેવી સાચા અર્થમાં પારમાર્થિક પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. દરેકનો એક જ માર્ગ અને સૂત્ર છે 'પર્યાવરણને બચાવી - જીવનને બચાવીએ...'

આજની આધુનિક અને આળશુ જીવનશૈલી આપણી અને પર્યાવરણની દુશ્મન બની રહી છે. બજારનું ભેળસેળીયું અને કેન્સરને નોંતરતું